# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫
E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org

**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

**એપ્રિલ - મે ૨૦૨૪**

Go....Make Disciples

## દર્શન વિધાન

"ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા."

## સેવાકાર્યો

- ★ મલ્ટીમિડીયા સેવા
- ★ પધ્ધતિસરનું ફોલોઅપ
- ★ શિષ્યપણાની તાલીમ
- ★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
- ★ નારી જીવન સંચાર

## સેવાકાર્ય વિધાન

- ★ જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પધ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.
- ★ જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન આપણા બધા આંસુ અને ભય દૂર કરે છે.

મરણમાંથી ખ્રિસ્તનું પુનરુત્થાન આપણને ખાતરી આપે છે કે, જ્યારે આપણે મરી જઈશું ત્યારે આપણી સાથે શું થશે ? ખ્રિસ્તનું પુનરુત્થાન આપણને મરણ શૈયા પર પણ આરામ આપે છે. પુનરુત્થાનનો રવિવાર સાબિત કરે છે કે, આપણા ઈશ્વર મૃત્યુ પર શક્તિ ધરાવે છે. ઈસુ તેમના મૃત્યુ પર વિજયી હતા અને જો ઈસુ તેમના મૃત્યુ પર સત્તા ધરાવે છે, તો પછી તે ચોક્કસપણે આપણા મૃત્યુ પર પણ શક્તિ ધરાવે છે. આપણામાંના ઘણા ત્યાં ઊભા છે જ્યાં મરીયમ તે પ્રથમ પુનરુત્થાનના રવિવારે સવારે વહેલી ઊભી હતી. "મરીયમ ઈસુની કબરની બહાર ઊભી રહીને રડતી હતી." આપણામાંના ઘણાએ આપણી નજીકની વ્યક્તિના મૃત્યુ પર આંસુ વહાવ્યા છે, જેને આપણે ખૂબ પ્રેમ કરીએ છીએ અને આપણામાંના કેટલાક મૃત્યુના આપણા પોતાના સમયનો સામનો કરવા અંગેના ડરથી ઝઝૂમી રહ્યા છે.

મરિયમ માટે તે માત્ર એક શબ્દ હતો. એક શબ્દ જેણે બધું બદલી નાખ્યું. એક માણસ જેને તે માળી સમજી રહી હતી.

તેની ઓળખ તેનાથી ત્યાં સુધી છુપાવવામાં આવી હતી જ્યાં સુધી તેણે એક શબ્દ ના કહ્યો "મરિયમ". અને પછી તેણીને સત્ય ખબર પડી. આ માણસ કોઈ માળી ન હતો અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત હવે મૃત્યુ પામ્યા ન હતા. એ તો એ જ હતા. પ્રભુ ઈસુ ખ્રિસ્ત જીવે છે. ખ્રિસ્ત પુનરુત્થાન પામ્યા છે અને તે સત્ય એ છે કે, આપણી પાસે પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે જે મૃત્યુમાંથી સજીવન થયા છે અને જે આજે જીવંત છે, તે આપણા માટે પણ બધું બદલી નાખે છે. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા બધા આંસુ દૂર કરવા માટે જીવે છે. તેથી પુનરુત્થાન પામેલા ઈશ્વરે આપણને આંસુને બદલે આનંદનું કારણ આપ્યું.

"જ્યાં શિષ્યો હતા ત્યાં યહુદીઓના ડરથી દરવાજાને તાળું મારી દેવામાં આવ્યું." તેમના આગેવાનને કાઈસાર માટે માત્ર એક ખતરા તરીકે વધસ્તંભ પર જડવામાં આવ્યો હતો. તેમનો ડર સમજી શકાય તેમ છે અને તે ભયમાં, ઈસુ આવે છે. "જ્યાં શિષ્યો યહૂદીઓના ડરથી દરવાજો બંધ કરી બેઠા હતા, ત્યાં ઈસુ આવ્યા અને તેમની વચ્ચે ઊભા રહ્યા." અહીં મુદ્દો એ છે કે તે તેમની વચ્ચે આવ્યા હતા. તેમણે દૂર રહી દેવ તરીકે વ્યવહાર ના કર્યો. તો તેણે શું કહ્યું ? બે વાર તેણે કહ્યું, "તમને શાંતિ થાઓ." ઈસુ કંઈ પણ કહે તે પહેલાં તે શાંતિ સ્થાપિત કરવા માંગે છે. આપણે આપણા કાર્યો દ્વારા ઈસુ સાથે શાંતિની શરૂઆત કરતા નથી. તે આપણી સાથે શાંતિની શરૂઆત કરે છે. ઈસુએ શિષ્યોને જે શાંતિ આપી તે એ શાંતિ છે જે તેઓ જ્યારે આપણા માટે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા ત્યારે તેણે પૂર્ણ કરી. અને આપણે આ કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ ? દરેક પાસે તે નથી. તે ઈશ્વરની ભેટ છે. આપણે તેને પ્રાપ્ત કરીએ છીએ અથવા આપણે તેનાથી દૂર જઈએ છીએ અથવા વધુ સારી રીતે કહીએ તો : અમે ઈસુને પ્રાપ્ત કરીએ છીએ અથવા ઈસુ પાસેથી દૂર જઈએ છીએ. તે આપણી શાંતિ છે. જો તમારી પાસે તમારા ઉદ્ધારક, પ્રભુ, ખજાનો અને મિત્ર તરીકે જીવતા ખ્રિસ્ત છે, તો તમારી પાસે તે શાંતિ છે જે તે આપે છે - તે શાંતિ ઈસુ છે. "અને જ્યારે તેમણે આ કહ્યું, ત્યારે તેમણે તેઓના પર શ્વાસ નાખ્યો અને તેઓને કહ્યું, "પવિત્ર આત્મા પ્રાપ્ત કરો." જ્યારે તે સ્વર્ગમાં ગયા ત્યારે ઈસુ પવિત્ર આત્મા રેડવાના હતા (પ્રેરિતોનાં કૃત્યો ૨:૩૩). તે તેના પુનરુત્થાનના લગભગ સાત અઠવાડિયા પછી થાય છે. આપણે પ્રેરિતોનાં કૃત્યો પ્રથમ અધ્યાયમાં તેના વિશે વાંચ્યું છે. "પરંતુ જ્યારે પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો." (પ્રેરિતોનાં કૃત્યો ૧:૮). ઈસુ જે પવિત્ર આત્મા આપે છે તેનું કાર્ય એ છે કે, તે આપણને તે કરવા સક્ષમ બનાવે છે જે આપણે આપણી જાતે કરી શકતા નથી. તેમણે તેમને સત્તા આપી. અહીં ફરીથી, ભયને બદલે, પુનરુત્થાન પામેલા ઈશ્વરે શિષ્યોને શાંતિ અને શક્તિ આપી.

દરેકને પુનરુત્થાન દિવસની શુભકામનાઓ...

ખ્રિસ્તમાં સાથી સેવક,
**શ્રી રોબિનસન ક્રિશ્ચિયન**
ચેરમેન-જીવન સંદેશ મિનીસ્ટ્રી

## જીવન સંદેશ એપ્લિકેશન

**એપ્લીકેશન :** જીવન સંદેશ એપ શ્રોતા મિત્રોને આધ્યાત્મિક રીતે પ્રભુનાં વચનમાં વૃદ્ધિ પામવા મદદ કરે છે. મિત્રો જીવન સંદેશની એપમાં Daily Devotional માં પ્રભુનું વચન સાંભળશો તો પ્રભુ ઈસુમાં તમને શાંતિ મળશે અને દરેક પરિસ્થિતિમાં ઊંડી શાંતિનો અનુભવ થશે. આપ જરૂરથી સાંભળશો અને બીજાને સાંભળવા ઉત્તેજન આપશો.

**જીવન સંદેશ એપ્લિકેશનનો પ્રતિભાવ :**

ઑક્ટોબર-૨૦૨૩ - માર્ચ ૨૦૨૪ સુધી ૨૭ દેશોમાંથી ૨૭૪૭ લોકોએ પ્રભુનાં વચન સાંભળ્યાં તે માટે પ્રભુનો પુષ્કળ આભાર માનીએ છીએ.

| Month | Series | Views |
|---|---|---|
| Nov. | Daily Devotion | 31 |
| | પહાડપરનું ભાષણ | 06 |
| Dec. | Daily Devotion | 31 |
| | નાતાલ - વચનની પરિપૂર્ણતા | 01 |
| Jan. | નવું વર્ષ - નવા આશીર્વાદો | 01 |
| | Daily Devotion | 31 |
| | ખ્રિસ્ત કેન્દ્રિત ખ્રિસ્તી જીવન | 09 |
| Feb. | Daily Devotion | 29 |
| | ગીતશાસ્ત્ર - ચઢવાનાં ગીત | 04 |

**જીવન સંદેશ યુ ટ્યૂબ ચેલન :** જીવન સંદેશનો ધ્યેય ગુજરાતનાં લોકોની બાઈબલ સાક્ષરતા વધારવા, લોકોને બાઈબલનું શોધન કરતાં, તેનાં લેખક સાથે જોડાયેલા રાખવા કે જેથી આપણા પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્તની કૃપા અને જ્ઞાનમાં વૃદ્ધિ પામતાં રહે. તેથી યુ ટ્યુબ ચેનલ પર પ્રભુના વચન સ્પષ્ટતાથી શીખવનાર ઉપદેશકો અને શિક્ષકોનો ઉપયોગ કરવો. નીચે આપેલી માહિતી પ્રભુનો આભાર માનવા ઉત્તેજન પૂરું પાડે છે.

**Jivan Sandesh Application (Oct.2023-Mar.-2024)**

| Month | Series | Episodes |
|---|---|---|
| Oct. | પહાડપરનું ભાષણ | 03 |
| | ખ્રિસ્ત કેન્દ્રિત ખ્રિસ્તી જીવન | 01 |
| Nov. | ખ્રિસ્ત કેન્દ્રિત ખ્રિસ્તી જીવન | 05 |
| Dec. | ખ્રિસ્ત કેન્દ્રિત ખ્રિસ્તી જીવન | 04 |
| | જન્મ્યો તારણહાર - નાતાલ | 01 |
| | નાતાલ - વચનની પરિપૂર્ણતા | 01 |
| | નવું વર્ષ - ગીત | 01 |
| Jan. | નવું વર્ષ - નવા આશીર્વાદો | 01 |
| Feb. | ગુજરાતી ગીત | 01 |
| | જીવનની જંજાવતોમાં સ્થિર ઊભા રહેવું | 01 |



આ વર્ષે માર્ચ ૨૪-૩૧ દુઃખસહન સપ્તાહમાં 'ઈસુની અજોડતા' શ્રેણી રજૂ કરવામાં આવી. જેમાં રેવ. ડૉ. નિકોલસ પરમાર, શ્રી મધુભાઈ ક્રિશ્ચિયન, રેવ. સતીષ રાઠોડ અને રેવ. રવિકાન્ત માસ્ટર દ્વારા પ્રભુના વચનોનું શિક્ષણ આપવામાં આવ્યું.

## જીવન સંદેશ ફોલોઅપની સેવા

પ્રભુનો આભાર માનીએ છીએ કે પત્રવ્યવહાર દ્વારા અને ફોન કરીને ઈશ્વરનાં વચન મારફતે ઉત્તેજન આપવામાં આવ્યું કે જેથી પત્રમિત્રો સાથે સંપર્ક ચાલું રહ્યો છે. મિત્રોને પ્રભુનાં વચન દ્વારા ઉત્તેજન આપ્યું કે નવાં જન્મેલાં બાળકોની જેમ નિષ્કપટ આત્મિક દૂધની ઈચ્છા રાખો. જેથી તમે તારણ મેળવતાં સુધી વધતા રહો. ફોલોઅપનાં કાર્યમાં પ્રભુ રેનીસન ક્રિશ્ચિયન માર્ગદર્શન અને દોરવણી આપી રહ્યાં છે માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

## શિષ્યપણાની સેવા

પ્રભુ કૃપાથી આજ સુધી સેંકડો વ્યક્તિઓને પ્રભુ ઈસુનાં શિષ્ય બનવા પદ્ધતિસરનું શિક્ષણ તથા બીજાઓને શિષ્ય બનાવવા સંબંધી તાલીમ અને શિક્ષણ આપી શક્યા. તેથી પ્રભુની સ્તુતિ કરીએ છીએ.

**લીડરશીપ સેમિનાર-ચોલીયા ખેડબ્રહ્મા**





સેવા ભારત દ્વારા સેમિનારમાં શ્રી રેનીસન ક્રિશ્ચિયને શિષ્ય અને શિસ્ત, શિષ્ય અને સમર્પણ અને શિષ્ય અને આધીનતાનાં વિષય ઉપર પ્રભુનાં વચનમાંથી શિક્ષણ આપ્યું. પ્રભુનો આભાર.

દર બુધવારે રાત્રે ૯:૦૦ કલાકે ઝૂમ એપ્લિકેશન પરથી શિષ્યપણાની રચનાનો અભ્યાસ કરાવવામાં આવે છે. શ્રી રેનીસનભાઈ આ બાઈબલ અભ્યાસમાં દોરવણી આપે છે. ૧૦ થી ૧૨ વ્યક્તિઓ ભાગ લઈ રહી છે. આ સર્વ માટે પ્રભુનો આભાર માનીએ છીએ. આપ આ મિત્રોને પ્રાર્થનામાં ધરી રાખશો કે તેઓ પોતે પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં પરિપકવ શિષ્ય બને અને બીજાઓનાં જીવનમાં આધ્યાત્મિક અર્થપૂર્ણ રોકાણ કરે અને તેની અસર આવનાર પેઢીમાં થાય.

શિષ્યપણાની રચનાનાં બાઈબલ અભ્યાસમાં જુદાં જુદાં વિષય એટલે (૧) ખ્રિસ્તમાં તમારું જીવન, (૨) પવિત્ર આત્માથી ભરપૂર ખ્રિસ્તી, (૩) ખ્રિસ્ત ચાલવું, (૪) નવો જન્મ પામેલા ખ્રિસ્તીનું ચારિત્ર્ય, (૫) વિશ્વાસ માટે આધાર સ્થંભ, (૬) શિષ્યપણામાં વૃદ્ધિ ઉપર શીખવવામાં આવે છે. શિષ્યપણાની રચનાનો અભ્યાસ જાતે અથવા નાનાં જૂથમાં શીખી શકીએ છીએ. આ બાઈબલ અભ્યાસ આપણને ખ્રિસ્તમાં વૃદ્ધિ પામવા આંતરસૂજ અને ઉત્તેજન પૂરું પાડે છે અને બીજાઓને પણ તેમ કરવા મદદ કરે છે.

## નારી જીવન સંચાર સેવા

મહિલા રીટ્રીટનો હેતુ આધ્યાત્મિક અને સામાજિક રીતે વિકાસ કરવાનો છે. તેમને વ્યવહારિક જીવનમાં પ્રોત્સાહન અને માર્ગદર્શન મળી રહે. જેથી તેઓ મંડળી, સમાજ અને નોકરીના સ્થળે નમૂનારૂપ જીવન જીવે.

આ હેતુને ધ્યાનમાં રાખીને નારી જીવન સંચાર મારફતે ૧૮મી ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ બેથેલ મેથોડિસ્ટ ચર્ચ - આણંદમાં મહિલા રિટ્રીટનું આયોજન કર્યું. શ્રી રોબિન જે. મિત્રાએ રવિવારની ભજનસેવામાં પ્રભુના વચનમાંથી સંદેશો આપ્યો. શ્રીમતી રીટાબેન ક્રિશ્ચિયને પ્રભુનાં વચનમાંથી શિક્ષણ આપ્યું. નારી જીવન સંચાર ગ્રુપે નાના જૂથમાં બાઈબલમાં દોરવણી આપી.








## મેરેજ એનરિચમેન્ટ સેમિનાર

જીવન સંદેશે અલાયન્સ ચર્ચ સિયોનનગરમાં ૫મી નવેમ્બર ૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૩૦ થી સાંજે ૪:૩૦ કલાક સુધી યુગલો માટે એક દિવસીય રિટ્રીટનું આયોજન કર્યું. જેમાં ૪ યુગલોએ ભાગ લીધો. શ્રી મધુભાઈ ક્રિશ્ચિયન અને શ્રી રોબિન મિત્રાએ લગ્નમાં પ્રેમ, સમય-વહીવટ અને લગ્નમાં ક્ષમા વિષયો ઉપર શીખવ્યું.

## HING FELLOWSHIP

જીવન સંદેશ અલાયન્સ ચર્ચ સિયોનનગરમાં ૨૪ ઑક્ટોબર-૨૦૨૩ ના રોજ Hing Fellowship આયોજન કર્યું. ''દરેકે પોતાના હૃદયમાં અગાઉથી ઠરાવ્યું છે, તે પ્રમાણે તેણે આપવું. ખેદથી નહિં કે, ફરજિયાત નહિ. કેમ કે ખુશીથી આપનારને દેવ ચાહે છે.'' કરિંથીઓને બીજો પત્ર ૯:૭. આ વચન ઉપર મેથોડિસ્ટ ચર્ચ ડી.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબે બહુ ઉત્તેજન અને પડકારદાયક સંદેશો આપ્યો. શ્રી ઈનોક ક્રિશ્ચિયને જીવન સંદેશની માહિતી જણાવી. દાન એકત્ર કરનાર ભાઈ બહેનોની બલિદાનયુક્ત સેવાઓની કદર કરીએ છીએ. ૩૫૦ વ્યક્તિઓએ સંગતમાં ભાગ લીધો. છેલ્લે, ભોજન કરીને છૂટા પડ્યા.














## જીવન સંદેશ પરિવાર સંગત

૬ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ ૧૦૦ વ્યક્તિઓ અલાયન્સ ચર્ચ સિયોનનગરમાં જીવન સંદેશ પરિવાર તરીકે મળ્યા. જેમાં ૨૦૨૩ દરમિયાન પ્રભુના વિશ્વાસુપણા માટે આભાર માન્યો અને ૨૦૨૪ના વર્ષ આયોજન પ્રમાણે કટિબદ્ધ થયાં. જીવન સંદેશબોર્ડ, સોસાયટી, સ્ટાફ અને સ્વૈચ્છિક ભાઈ બહેનોના પરિવાર સાથે સહર્ષ ભાગીદાર બન્યાં. શ્રી આર્નોન ક્રિશ્ચિયને યશા.૪૧:૧૦ ઉપર પ્રભુના વચનમાંથી ઉત્તેજનદાયક સંદેશો આપ્યો. પ્રભુએ સ્વૈચ્છિક સમર્પિત ભાઈ બહેનોની ટીમ આપી છે તે માટે પ્રભુની સ્તુતિ કરીએ છીએ. તેઓ જીવન સંદેશ માટે વિશિષ્ટ લોકો છે. છેલ્લે, ભોજન કરીને છૂટા પડ્યા.








## સન્માન અને સમર્પણ સમારોહ

જીવન સંદેશે ૩૦મી માર્ચ-૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પ્રેયર હૉલ અલાયન્સ ચર્ચ સિયોનનગર ખાતે સન્માન અને સમર્પણ સમારોહનું આયોજન કર્યું. જીવન સંદેશ એ ચોક્કસ ધારા, ધોરણ, નિયમો સાથે રજીસ્ટર્ડ થયેલી સંસ્થા છે. જીવન સંદેશના નિયમ મુજબ સ્ટાફની નિવૃત્તિની ઉંમર ત્રેસઠ વર્ષ છે. જેમ કે શ્રી ડેવિડ ક્રિશ્ચિયને જીવન સંદેશ મિનીસ્ટ્રી સાથે ૩૩ વર્ષની વફાદાર સેવા પૂરી કરી અને ૩૧મી માર્ચ ૨૦૨૪ ના રોજ ૬૩ વર્ષની વયે નિવૃત્ત થયા.

૧૯૬૨માં રેવ. એલ્મર એંટજ સાહેબે જીવન સંદેશ મિનિસ્ટ્રીઝનું બીજ રોપ્યું. ૧૯૯૨માં Leadership torch શ્રી મધુભાઈ ક્રિશ્ચિયન અને ૨૦૧૪માં Leadership torch શ્રી ડેવિડ ક્રિશ્ચિયનને સોંપી કે જેથી જીવન સંદેશ મિનિસ્ટ્રીઝના ડિરેક્ટર તરીકે ઈશ્વરનું રાજ્ય વિસ્તૃત કરે. સ્ટાફ અને સ્વૈચ્છિક મિત્રોના નેતૃત્વ અને ટીમ વર્ક હેઠળ, જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ સ્થાનિક, રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની પાંખો ફેલાવી છે. વિવિધ સેવા દ્વારા સેવાના ક્ષેત્રો વિકસાવવા અને જીવન સંદેશને ઊંચી પાયરીએ લઈ જવા માટે ઈશ્વરે તેમને આપેલા તાલંત અને કૃપાદાનોનો ઉપયોગ કર્યો છે. અમે તેમનાં સમર્પણ અને તેડાને માટે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ.

ઈનોક ક્રિશ્ચિયન છેલ્લા ૨૧ વર્ષથી વિશ્વાસુપણે જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ સાથે સેવા કરી રહ્યાં છે. તેમનાં સમર્પણ અને વિશ્વાસુપણાને જોતાં જીવન સંદેશ બોર્ડે શ્રી ઈનોક ક્રિશ્ચિયનને Leadership torch સોંપીને Director તરીકે નિમણૂંક કરવા નિર્ણય કર્યો. નવી આગેવાનીને માર્ગદર્શન અને દોરવણી આપવા તેમજ સેવાના વિકાસ માટે જીવન સંદેશ બોર્ડે શ્રી ડેવિડ ક્રિશ્ચિયનને Minister at Large તરીકે પુનઃ નિમણૂંક કરવા નિર્ણય કર્યો.

પ્રભુના વિશ્વાસુપણાંને યાદ કરતાં જીવન સંદેશ બોર્ડ, સોસાયટી, સ્ટાફ અને સ્વૈચ્છિક ભાઈ બહેનોના પરિવાર આ પ્રસંગે હાજર હતા. ગુજરાત સી.એન.આઈ. પાળક રેવ. ડૉ. હેમંત પરમાર સાહેબે ઉત્તેજનદાયક સંદેશો આપ્યો તેમજ રેવ. ડૉ. હેમંત પરમાર સાહેબે અને તેમની સાથે રેવ. ફિલિપ ક્રિશ્ચિયન સાહેબ, શ્રી મધુ ક્રિશ્ચિયન, શ્રી રોબિન્સન ક્રિશ્ચિયન, શ્રી ડેવિડ ક્રિશ્ચિયન, શ્રી સુમન ક્રિશ્ચિયન અને શ્રી રોબિન મિત્રાએ નવા ડાયરેક્ટર શ્રી ઈનોક ક્રિશ્ચિયન માટે સમર્પણની પ્રાર્થના કરી. જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ ચેરમેન શ્રી રોબિન્સન ક્રિશ્ચિયને નેતૃત્વની પ્રક્રિયા સમજાવી હતી અને નવા લીડરને જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ બોર્ડ દ્વારા સંપૂર્ણ સમર્થન અને સહકાર આપવાનું વચન આપ્યું હતું.















## આયોજનો અને પ્રાર્થના વિનંતી...

**૧. આવતા દિવસોમાં જીવન સંદેશ યુ ટ્યુબ દ્વારા નવી ત્રણ શ્રેણીનું રેકોર્ડીંગ તેમજ જીવન સંદેશ એપ્લીકેશનની સેવા માટે પણ નવા કાર્યક્રમો રેકોર્ડ કરવામાં આવશે.**

૨. દર બુધવારે બાઈબલ અભ્યાસ રાત્રે ૯:૦૦ કલાકે શિષ્યપણાની રચના.

૧. **પત્ર મિત્ર સેમિનાર (બહેનો માટે )**, તા.૧૪ થી ૧૭ નવે.૨૦૨૪, સ્થળઃ આધ્યાત્મિક જીવન કેન્દ્ર ભરૂચ, સંખ્યા - અંદાજીત ૭૦ બહેનો ભાગીદાર બનશે. આ સેમિનાર માટે કુલ ખર્ચ રૂા.૧,૨૦,૦૦૦/- માટે પ્રાર્થના કરશો.

૨. **દક્ષિણ ગુજરાત માટે ૨:૭ શ્રેણીનો સેમિનાર (ભાઈઓ માટે )** તા.૧૩ થી ૧૬ ઓગ.૨૦૨૪, સ્થળઃ આધ્યાત્મિક જીવન કેન્દ્ર ભરૂચ, સંખ્યા - ૫૦ ભાઈઓનો માટે રાખવામાં આવેલ છે. આ સેમિનારનો કુલ ખર્ચ ૧,૦૦,૦૦૦/- માટે.

૩. **૨:૭ શ્રેણીનો સેમિનાર ઉ.ગુ. (હિમ્મતનગર વિસ્તાર )** મે અથવા જૂન માસમાં, સંખ્યા - ૫૦ ભાઈઓ માટેનું આયોજન છે. આ સેમિનાર માટેનો કુલ ખર્ચ રૂા.૮૦,૦૦૦/- થવાની શક્યતા છે.

૪. **૨:૭ શ્રેણીનો સેમિનાર (અમદાવાદ વિસ્તારની બહેનો માટે )** તા.૧૦ થી ૧૨ ઑક્ટો.૨૦૨૪, સ્થળઃ મણિનગર અથવા લીડ સેન્ટર સંખ્યા - ૫૦ બહેનો માટે રાખવામાં આવશે. જેનો કુલ ખર્ચ રૂા. ૫૦,૦૦૦/- થવાની શક્યતા છે.

૫. **યુગલ સમૃધ્ધિ સેમિનાર** - મે માસમાં લવચાલી, આહવા ખાતે સ્ટાફ, કુલ ખર્ચ રૂા.૧૫,૦૦૦/-

૬. **યુગલ સમૃધ્ધિ સેમિનાર** - ગુજરાત બહાર જાન્યુ-ફેબ્રુ-૨૦૨૫ માં જેમાં સ્ટેશનરી ખર્ચ, અન્ય ૫૦,૦૦૦/-

૭ **બાઈબલ ક્વીઝ (બહેનો માટે)** - તા. ૨/૬/૨૦૪, અલાયન્સ ચર્ચ સિયોનનગર ૬૦૦૦/-

૮. **મહિલા રીટ્રીટ** - તા. ૧૪/૭/૨૦૨૪ , સીએનઆઈ ચર્ચ હોલ, ૧૫૦ બહેનો, ૩૫,૦૦૦/-

**ઉપરોક્ત આયોજનો માટે પ્રાર્થના કરશો, ભાગીદાર બનશો સાથે નાણાંકીય જરૂરિયાતોમાં મદદરૂપ થશો.**

### ગુજરાત અને ભારતમાંથી ઓનલાઈન દાન આપવા અંગેની માહિતી

★ બેન્ક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (૦૧૦૩૮) મણિનગર.

★ બેન્કનું સરનામું : રામજી મંદિર સામે, પુનિત આશ્રમ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

★ બેંક એકાઉન્ટ : જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

★ **A/c No. : 10246210913 • Bank IFS Code : SBIN0001038**